# મૂંઝવણ અને માર્ગદર્શન

**પ્રશ્ન : હું કૃષિક્ષેત્રમાં કારકિર્દી બનાવવા માગુ છું. મને ધોરણ-૧૦ પછીના કૃષિ/ કામધેનુ યુનિવર્સિટી દ્વારા ચાલતા અભ્યાસક્રમો વિશે માહિતી આપવા વિનંતી.**

**- દેસાઈ રવિ નારણભાઈ, અબલુવા, તા. સરસ્વતી, જી. પાટણ**

આપણાં દેશમાં મુખ્ય ઉદ્યોગોમાં કૃષિ અને પશુપાલન આજે પણ સૌથી વધુ મહત્ત્વ ધરાવે છે. ગુજરાત રાજ્ય પણ કૃષિ ક્ષેત્રે દેશમાં આગળ પડતું સ્થાન ધરાવે છે. અને ડેરી ઉદ્યોગ તથા પશુ-પાલન ક્ષેત્રે તો કદાચ ગુજરાત સૌથી મોખરે છે. આ બંને મહત્ત્વના ક્ષેત્રોમાં ગુજરાત સદાય અગ્રેસર રહે તે હેતુથી જ ગુજરાત રાજ્યમાં 1972 માં પ્રથમ કૃષિ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી. આ યુનિવર્સિટીનું કાર્યક્ષેત્રે સમગ્ર ગુજરાત રાજ્ય હતું. કૃષિ યુનિવર્સિટીઓ વધુ સારી રીતે અસરકારક રીતે કાર્ય કરી શકે તે માટે હાલ એક જ કૃષિ યુનિવર્સિટીને બદલે ચાર કૃષિ યુનિવર્સિટીઓ છે. આ ઉપરાંત નવી કામધેનુ યુનિવર્સિટી શરૂ થઇ છે.

1 સરદાર પટેલ કૃષિ યુનિવર્સિટી, દાંતીવાડા
2 આણંદ કૃષિ યુનિવર્સિટી
3 નવસારી કૃષિ યુનિવર્સિટી
4 જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી
5 કામધેનુ યુનિવર્સિટી, કર્મયોગી ભવન, સંક્ટર-10 - A, ગાંધીનગર

**અભ્યાસક્રમો** - ખેતીવાડી, પશુપાલન મત્સ્યોદ્યોગ વગેરે ક્ષેત્રે જુદા-જુદા પ્રકારના ડિપ્લોમા, સ્નાતક, MBA અનુસ્નાતક તથા પીએચ.ડી. સુધીના અભ્યાસક્રમો છે.

- **સંશોધનઃ-**

જુદા જુદા પ્રકારનાં બિયારણોનાં સંશોધનો કરવાં, પાક ઉત્પાદન વધારવા, પાકોનાં રોગો અટકાવવા જરૂરી સંશોધનો કરવાં તેમજ ખેતીવાડીમાં નવી ટેકનોલોજીનો વિકાસ થાય તેવાં સંશોધન કરવા ઉપરાંત પશુપાલન ક્ષેત્રે જરૂરી વિકાસ થાય તે માટે પશુઓમાં થતા રોગો અટકાવવા તેમજ દૂધ ઉત્પાદન વધારવા જરૂરી સંશોધન કરવામાં આવે છે.

- **એક્સ્ટેન્શન (વિસ્તરણ)**

એક્સ્ટેન્શન કાર્યક્રમ હેઠળ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલાં જુદાં જુદાં સંશોધનો ખેડૂતો સુધી પહોંચાડવામાં આવે છે.

- **ઉપર્યુકત યુનિવર્સિટીઓમાં કૃષિ વિષયક જનરલ ડિપ્લોમા તથા પ્રમાણપત્ર અભ્યાસક્રમોઃ-**

1 કૃષિ વિદ્યાલય, છારોડી, જિ. અમદાવાદ (અમદાવાદ અને ગાંધીનગરના ઉમેદવાર)
2 કૃષિ વિદ્યાલય, પો. મકતમપુરા, ભરૂચ- (ભરૂચ તથા સુરત જિલ્લાન ઓલપાડ, વ્યારા, માંગરોળ, માંડવી, ઉચ્છલ, નિઝર, સોનગઢ, વાલોડ, તાલુકાના બિન આદિવાસી ઉમેદવાર માટે)
3 કૃષિ વિદ્યાલય-જગુદણ, જિ. મહેસાણા (મહેસાણા તથા સાબરકાંઠા જિલ્લાના બિનઆદિવાસી ઉમેદવારો માટે)
4 કૃષિ વિદ્યાલય, એરૂ, તા-જિ.નવસારી (વલસાડ તથા સુરત જિલ્લાના મહુવા, પલસાણા, કામરેજ, ચોર્યાસી તાલુકાના બિનઆદિવાસી ઉમેદવારો માટે)
5 કૃષિ વિદ્યાલય, જૂનાગઢ (જૂનાગઢ તથા રાજકોટ)
6 કૃષિ વિદ્યાલય, ધારી, જિ. અમરેલી (અમરેલી તથા ભાવનગર)
7 કૃષિ વિદ્યાલય, આણંદ (સાબકાંઠાં, આણંદ જિલ્લાના બિનઆદિવાસી ઉમેદવાર માટે)
8 કૃષિ વિદ્યાલય, દાહોદ (પંચમહાલ જિલ્લાના આદિવાસી ઉમેદવારો તથા સાબરકાંઠા, ડાંગ, દાદરા અને નગર હવેલી તથાસુરત જિલ્લા સિવાયના આદિવાસી ઉમેદવારો માટે)
9 કૃષિ વિદ્યાલય, હળવદ, જિ.સુરેન્દ્રનગર (સરેન્દ્રનગર જામનગર, કચ્છ)
10 કૃષિ વિદ્યાલય, ખેડબ્રહ્મા, જિ. સાબરકાંઠા (પંચમહાલ, ડાંગ, સુરત, દાદરા અને નગર હવેલી જિલ્લા સિવાયના અન્ય જિલ્લાના આદિવાસી વિસ્તારના ઉમેદવાર માટે)
11 શેઠ. ડૉ. મ. કૃષિ વિદ્યાલય, વડોદરા (વડોદરા તથા પંચમહાલ જિલ્લાના બિનઆદિવાસી ઉમેદવારો માટે)
12 કૃષિ વિદ્યાલય, ડીસા, જિ. સુરત (સાબરકાંઠા, ડાંગ, પંચમહાલ, દાદરા અને નગર હવેલી જિલ્લા સિવાયના સુરતના આદિવાસી ઉમેદવારો માટે)
13 કૃષિ મહાવિદ્યાલ, વ્યારા, જિ.સુરત (સાબરકાંઠા. ડાંગ, પંચમહાલ, દાદરા અને ગર હેવેલી જિલ્લા સિવાયના સુરતના આદિવાસી ઉમેદવારો માટે)
14 કૃષિ વિદ્યાલય, વઘઇ, જિ. ડાંગ (ડાંગ, દાદરા અને નગર હવેલી તથા પંચમહાલ અને સાબરકાંઠા સિવાયના આદિવાસી ઉમેદવારો માટે)

- **લાઇવ સ્ટોક ઇન્સ્પેક્ટર (પશુધન નિરીક્ષક)**

પ્રવેશ લાયકાતઃ- એસ.એસ.સી (ધોરણ-10) અંગ્રેજી વિષય સાથે, ખેડૂતપુત્રને પાંચ ટકા ગુણાક વેઈટેજ આપવામાં આવે છે.

અભ્યાસનો સમયગાળો - 1 વર્ષ

પશુધન નિરીક્ષક તાલીમ કેન્દ્રઃ- સરદાર કૃષિ નગર, દાંતીવાડા, જૂનાગઢ અને નવસારી

નોધઃ- જરૂરિયાત મુજબ આ અભ્યાસક્રમમા પ્રવેશ મેળવવા વર્તમાનપત્રોમાં જાહેરાત આપી અરજીઓ મેળવવામાં આવે છે.

- **સર્ટિફિકેટ કોર્સ ઇનઃ-** કૃત્રીમ બીજદાન (પશુપાલન) ઘાસચારા ગુણવતા, સીડ પ્રોડક્શન, સેન્દ્રિય ખેતી

**પ્રવેશ લાયકાતઃ-** ધોરણ-10 પાસ

**અભ્યાસનો સમયગાળો :** 10 વીક, 105 બેઠકો- સ.પ. કૃષિનગર, દાંતીવાડા.

---

**પ્રશ્ન : મેં ધોરણ-૧૨ કોમર્સ વિષય સાથે પાસ કર્યુ છે. CFA, CIMA તથા CFP - ત્રણ વિશિષ્ટ અભ્યાસક્રમો વિશે માહિતી આપવા વિનંતી.**

**- દેસાઈ જયરાજ જેરામભાઈ , ગોપાલ નગર, નડિયાદ, જી. ખેડા**

**(૧) CFA - ચાર્ટર્ડ ફાઈનાન્સિયલ એનાલિસ્ટ**

છેલ્લા થોડા વર્ષોથી વિકાસ પામતો નાણાંકીય ક્ષેત્રનો આ વ્યવસાય છે. ICFAI- ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટર્ડ ફાઈનાન્સિયલ એનાલિસ્ટ ઈન્સ્ટિટ્યુટની શરૂઆત દક્ષિણ ભારતમાં CFA કોર્સથી થઇ છે. આજે તો આ સંસ્થા ICFAI યુનિવર્સિટી કક્ષાએ પહોંચી છે અને દેશ વિદેશમાં તેનાં અનેક કેન્દ્રો છે. આ યુનિવર્સિટીનું મુખ્ય મથક હૈદરાબાદ ખાતે છે અને મોટા ભાગનું શિક્ષણ તે ડિસ્ટન્સ લર્નિંગ મેથડ DLM પત્રાચારથી આપે છે. CFAનો અભ્યાસક્રમ ખાસ કરીને મોટા ઉદ્યોગો, મોટી કંપનીઓ તેના નાણાંકીય વ્યવહારના સચોટ અને વૈજ્ઞાનિક પૃથક અભ્યાસનું કામ કરી શકે તેવો બનાવાયો છે.

આ ઉપરાંત અભ્યાસક્રમનું માળખું નીચે મુજબ છે.

- **ત્રણ લેવલમાં અભ્યાસક્રમઃ-**

CFA કોર્સને ICFAI યુનિવર્સિટીએ નવું નામ આપેલું છે - MS ફાઈનાન્સ. કોર્સ બે વર્ષની મુદતનો છે. તે સફળતાથી પૂર્ણ કરવાની કાઉન્સિલ ઓફ ચાર્ટર્ડ ફાઈનાન્સિયલ એનાલિસ્ટ દ્વારા CFAની ડીગ્રી પણ મળે છે. CA જેવા કોર્સની જેમ MS Finance ઘેર બેઠા લર્નિંગથી થઈ શકે છે. તેના પણ ત્રણ ભાગ છે. જેમાં ત્રણ-ત્રણ ગ્રૂપ છે.

**(૧) લેવલ વનઃ-**

લેવલ વનમાં (૧) ફાઈનાન્સિયલ એકાઉન્ટિંગ (૨) ઈકોનોમિક્સ (૩) ક્વોન્ટેટિવ મેથડ (૪) ફાઈનાન્સિયલ મેનેજમેન્ટ (૫) મેનેજમેન્ટ એકાઉન્ટિંગ (૬) ઈકોનોમિક્સ લેજિસ્લેશન વિષયનો અભ્યાસ છે. તે પાસ કરવાથી લેવલ-ટુ માં પ્રવેશ મળે છે.

**(૨) લેવલ ટુ અને થ્રી નો કોર્સઃ-**

ઈન્ટરનેશનલ ફાઈનાન્સ, સિકયોરિટી એનાલિસ્ટસ, પોર્ટફોલિયો મેનેજમેન્ટ એન્ડ મ્યુચ્યુઅલ ફંડ, ઈન્વેસ્ટમેન્ટ બેન્કિંગ, ફાઈનાન્સિયલ રિસ્ક મેનેજમેન્ટ જેવા ફાઈનાન્સ ફિલ્ડના લેટેસ્ટ અને હાઈ ડિમાન્ડ વિષયો અત્રે શીખવવામાં આવે છે. ખૂબ જ સારો પ્રોફેશનલ કોર્સ ગણાય છે.

- **પ્રવેશ પ્રક્રિયાઃ-**

કોઇ પણ વિષય સાથે બેચલર ડિગ્રી ૫૦ ટકા સાથે હોય તેને MS ફાઈનાન્સમાં એડમિશન મળે છે. TY કે ફાઇનલ વર્ષ/ સત્રની પરીક્ષા આપી હોય તે ઓનલાઇન રજિસ્ટ્રેશન www.icfai.org ઉપર મેળવી શકે છે. આ અંગેની જાહેરાતો પણ આવે છે. ગુજરાતના ઘણા શહેરોમાં ICFAIની ઓફિસો કે ફ્રેન્ચાઇઝીસ આવેલી છે.

- **આ સરનામે સંપર્ક કરવોઃ-**

ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટર્ડ, ફાઈનાન્સિયલ એનાલિસ્ટ ઓફ ઈન્ડિયા,
ICFAI યુનિવર્સિટી, ૫૨, નાગાર્જુના હિલ્સ, પૂજા ગટ્ટા,
હૈદરાબાદ - 500 082 (AP)

**ગુજરાતના કેન્દ્રોઃ-**

(૧) ગાંધીનગરઃ- ICFAI ઈન્ફોસિટી ટાઉનશિપ સર્કલ, એસ.જી. હાઈવે, ગાંધીનગર. ફોનઃ (079) 65720079
(૨) રાજકોટઃ- ICFAI કાલાવડ રોડ, ફોનઃ 9824360534
(૩) જામનગરઃ- ICFAI, ફોનઃ 9825386982

**(૨) CIMA - ફાઈનાન્સિયલ પ્રોફેશનલઃ-**

(ચાર્ટર્ડ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એકાઉન્ટસ)

UKની લાયકાત છે. કોર્સિસ-સર્ટિ, તથા ડિપ્લોમા લેવલ.

**લાયકાતઃ-** ૧૨ પાસ, UK, અમેરિકા દ્વારા ઓનલાઇન પરીક્ષા થાય છે. વધુ વિગતો CIMA અથવા CGMAની વેબસાઇટ ઉપર પ્રાપ્ય થશે.

**(૩) CFP - ચાર્ટર્ડ ફાઈનાન્સિયલ પ્લાનર :-**

CFPનો કોર્સ હાલ ભારતમાં ફાઈનાન્સિયલ પ્લાનિંગ બોર્ડ (FPB- ઈન્ડિયા) દ્વારા ચલાવવામાં આવે છે. તેની માન્યતા ૨૩ દેશોમાં છે. SEBIએ પણ CFP સર્ટિને RIA તરીકે માન્યતા આપી છે.

**લાયકાતઃ-** ધોરણ- ૧૨ પાસ, પરીક્ષા ઓનલાઈન NSBમાં થાય છે. વધુ વિગતો FPSBની વેબસાઇટ ઉપર મળશે.

**નોંધઃ- ઉપરોક્ત માહિતી આપના દિશાસૂચન માટે છે. અંતિમ માહિતી સંસ્થાની વેબસાઇટ પર જોવી. અથવા દૈનિક પેપરમાં જાહેરાત આવે તે પ્રમાણે અનુસરવું.**

**આપને મૂંઝવતા કારકિર્દીલક્ષી પ્રશ્નો નીચેના સરનામે અથવા ઈમેઈલ પર મોકલી શકશો.**
**E-MAIL : vgoa109@gmail.com** ફોન નં. ૦૭૯-૨૫૩૮૪૯૩૯
**પત્ર વ્યવહારનું સરનામું :**
વ્યવસાયી માર્ગદર્શન સંસ્થા, સરકારી કન્યા શાળાના મકાનમાં, રાયખડ, અમદાવાદ-૧